# પ્રેસનોટ

## હજ ૨૦૨૬ અંગેની ગાઈડલાઈન્સનાં મુખ્ય મુદ્દાઓ ધ્યાને રાખવા અનુરોધ

ગુજરાત રાજ્ય હજ સમિતિના અધ્યક્ષશ્રી ઈકબાલ સૈયદ અને સચિવશ્રી, આઈ. એમ. ઘાંચી સંયુક્ત રીતે એક અખબારી યાદીમાં જણાવે છે, કે હજ ૨૦૨૬ માટે ફોર્મ ભરતા પહેલા દરેક ઉમેદવારે હજ ગાઈડલાઈન ૨૦૨૬ જે હજ કમીટી ઓફ ઈન્ડિયાની વેબસાઈટ પર પબ્લીશ કરેલ છે (https://hajcommittee.gov.in/uploads/assets/Guidelines-for-Haj-2026.pdf) જે વાંચી સમજીને ફોર્મ ભરવાના રહેશે. ઉપરાંત ગાઈડલાઈન્સમાં જણાવ્યા પ્રમાણે કિંગડમ ઓફ સાઉદી અરેબિયા તરફથી જે કોઈ સુચનાઓ આવશે તે મુજબ પાછળથી પણ ફેરફાર થવાની શક્યતા રહેશે.

❖ અરજદારે ફોર્મ ભરવામાં નીચેની બાબતો ખાસ ધ્યાને લેવાની રહેશે.

૧. **હજ કમીટી દ્વારા ફક્ત એક વાર હજ યાત્રા** હજ કમીટી ઓફ ઈન્ડિયા (HCoI)ની પોલીસી અનુસાર, કોઈપણ વ્યક્તિને હજ કમીટી દ્વારા જીવનમાં માત્ર "એક જ વાર" હજ કરી શકે છે. જેમણે અગાઉ HCoI દ્વારા હજ કર્યો છે, તેઓ હજ 2026 માટે અરજી કરવા માટે પાત્ર રહેશે નહીં. પરંતુ ફક્ત એવા કિસ્સમાં જે સ્ત્રી હજ યાત્રિકોએ હજ નથી કરી તેઓનાં "મહેરમ" તરીકે પુરુષ હજ અરજદાર ફરીથી અરજી કરી શકશે અથવા 65 વર્ષ કે તેથી વધુ ઉંમરના યાત્રિકો કે જેઓએ જીવનમાં ક્યારેય હજ નથી કરી તેઓનાં સાથીદાર(કમ્પેનીયન) તરીકે ફક્ત ૬૫+ કેટેગરીમાં એવા Repeater યાત્રિકો તરીકે અરજી કરી શકશે.

૨. **પાસપોર્ટ સબમીશન:** હજ કમીટી ઓફ ઈન્ડિયા, મુંબઈ દ્વારા સમયાનુસારે પરિપત્ર પ્રસિધ્ધ કરવામાં આવે ત્યારે રાજ્ય હજ કમીટીને ઓરીજીનલ પાસપોર્ટ સબમીટ કરવાનાં રહેશે.

3. **હજ ૨૦૨૫ વેઈટીંગ લીસ્ટ બાબત:** હજ ૨૦૨૫માં ફક્ત વેઈટીંગ લીસ્ટમાં રહેલા અરજદારોને હજ ૨૦૨૬ માટે રીઝર્વ ક્વોટા(હજ ગાઈડ લાઈન્સ ૨૦૨૬નાં પારા ૧૭ પ્રમાણે) બાદ કરી પ્રાથમિકતા આપવામાં આવશે.

૪. **હજમાં પસંદગી થયા બાદ પ્રથમ હપ્તો (એડવાન્સ હજ અમાઉન્ટ)** - હજ ૨૦૨૬ માટે કુર્રાહ (ડ્રો)માં પસંદગી થયા બાદ એક અઠવાડીયામાં રૂ. ૧,૫૨,300/- હાજી દીઠ ભરવાનાં રહેશે.

૫. **કેન્સલેશન ચાર્જ:** કેન્સલેશન ચાર્જ હજ ગાઈડલાઈન્સ ૨૦૨૬નાં પારા ૪૦ પ્રમાણે રહેશે, જેથી હજ યાત્રિકોએ ફોર્મ ભરતા પહેલા એ ચાર્જ વાંચી અને સમજી હજનું ફોર્મ ભરવુ.

૬. **મક્કા મુકર્રમા તથા મદિના મુનવ્વરા ખાતે આવાસ** - મક્કા મુકર્રમા હાજી દીઠ ૪ સ્ક્વેર મીટર જગ્યા મળશે. તથા મદિના મુનવ્વરા ખાતે સાઉદી ઓથોરીટી તરફથી મળેલ લાયસન્સ (તશ્રીફ/તસરીહ) આધારે યુનીટ કેપેસીટી પ્રમાણે જેમાં એક રૂમ 10 બેડ સુધીનો મળી શકે છે. જેમા વિગતવાર માહીતી હજ ગાઈડલાઈન્સ ૨૦૨૬નાં પારા ૨૨માં આપેલ છે.

૭. **શોર્ટ હજ પેકેજ :** જેમાં આશરે ૨૦ દિવસનો કુલ સમયગાળામાં સાઉદી અરેબિયા (KSA) માં રોકાણ દરમિયાન મદીનામાં ૨-૩ દિવસનો ટૂંકા રોકાણનો સમાવેશ થાય છે. સામાન્ય હજ પેકેજની સરખામણીમાં આ પેકેજનો ખર્ચ વધુ રહેશે. એકવાર હજ અરજી ફોર્મ (HAF) સબમિટ કર્યા પછી પેકેજ બદલી શકાશે નહીં. એકવાર 'શોર્ટ હજ' માટે પસંદ થયા પછી, અરજદારને 'નોર્મલ હજ' માટે ધ્યાનમાં લેવામાં આવશે નહીં. બાકી બીજી બધી શરતો, સેવાઓ નોર્મલ હજ પેકેજ પ્રમાણે રહેશે.

હજ-૨૦૨૬ માટેની તમામ સુચનાઓ/ફેરફારો માટે નીચેની વેબસાઈટ ચેક કરતા રહેવા જણાવવામાં આવે છે.

https://www.hajcommittee.gov.in | https://haj.gujarat.gov.in | https://www.gujarathajhouse.in

---

ક્રમાંક:હજસ-૧૦-૨૦૨૫-૨૧૦૭-હ.સ.
ગુજરાત રાજ્ય હજ સમિતિ,
સામાન્ય વહીવટ વિભાગ,
બ્લોકનં ૮, ૮મો માળ સચિવાલય, ગાંધીનગર.
તા. ૨૧-૦૭-૨૦૨૫

(આઈ. એમ. ઘાંચી)
સચિવ,
ગુજરાત રાજ્ય હજ સમિતિ

➢ પ્રતિ, તમામ પ્રીન્ટ અને ઈલેક્ટ્રોનીક મીડીયા,
➢ એડિટરશ્રી, ગુજરાત ટૂડે, શાહઆલમ, અમદાવાદ